# શામળાજી આરટીઓ ચેકપોસ્ટ બંધ થતા ડિટેઈન થયેલ વાહનચાલકોની ઉંઘ હરામ

## ચેકપોસ્ટ પર પડેલા વાહનોમાંથી સ્પેર પાર્ટસની ચોરી






શામળાજી, તા. ૨૭

આરટીઓ તંત્રએ રતનપુર ચેકપોસ્ટ પર દંડાત્મક કાર્યવાહી કરાયેલ અને ચેકપોસ્ટ નજીક જપ્ત કરી મૂકી રાખેલ ખાનગી બસ, ટ્રક સહીત અન્ય વાહનોમાંથી એસેસરીઝ, ટાયરો અને સ્પેર પાર્ટસની અસામાજિક તત્વોએ લૂંટ ચલાવતા વાહનચાલકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. ચેકપોસ્ટ પર પડેલા વાહનોની સલામતી માટે બંદોબસ્ત કરવામાં આવેની માંગ વાહનચાલકોમાં માંગ ઉઠી છે.

રાજયની ૧૬ આરટીઓ ચેક પોસ્ટો એકાએક બંધ કરી દેવાઈ છે. ૨૦મી નવેમ્બરની મધ્યરાત્રીએથી બંધ કરી દેવાયેલી આ ચેક પોસ્ટો ઉપર ડીટેઈન કરાયેલા વાહનો કે આર.ટી.ઓ. કચેરીની સુરક્ષા માટે કોઈ જ સુરક્ષા બંદોબસ્ત ન કરાતાં હાલ તસ્કરો આવી બંધ ચોકીઓને નિશાન બનાવી રહયા છે.

શામળાજી ખાતેની આરટીઓ ચેકપોસ્ટ ઉપર હાલ કબ્જે રખાયેલા વાહનોના ટાયરો, પાર્ટસ અને એસેસરીઝની ચોરી થઇ હોવાની સામે આવ્યું છે. જયારે આસપાસના લોકો જરૂરી બંદોબસ્ત ગોઠવવા માંગ કરી રહયા છે.

રાજયની આર.ટી.ઓ. ચેક પોસ્ટો ઉપર વાહન ચાલકોને ભોગવવી પડતી પરેશાનીને નામે ૧૬ આરટીઓ ચેક પોસ્ટ ૨૦મી નવેમ્બરથી રાજય સરકારે બંધ કરી દીધી. પરંતુ નિર્ણય બાદ ઉતાવળે આ ચેક પોસ્ટોને રાતોરાત ખંભાતી તાળા લગાડી દેવાતા લાખ્ખો રૂપિયાના વાહનો, ચેક પોસ્ટ બીલ્ડીંગ અને અન્ય સાધન સામગ્રી રણીધણી વગરની બની રહી. દેશની પ્રથમ ડીઝીટલ શામળાજી આર.ટી.ઓ. ચેક પોસ્ટ પણ આ નિર્ણય હેઠળ બંધ કરી દેવાઈ. પરંતુ ચેક પોસ્ટ સ્થળે રખાયેલ ડીટેઈન કરાયેલા વાહનો કે વિભાગની માલ-મિલકત્તની રખેવાળી કરવાનું વિભાગ જ જાણે વિસરી ગયો હોય એમ હાલ રામ ભરોસે છોડી દેવાઈ છે.

શામળાજી ચેક પોસ્ટને બંધ કરાયે છ દિવસ થયા પરંતુ આ છ દિવસોમાં ચેક પોસ્ટ પર ડીટેઈન કરી રખાયેલ વાહનોના ટાયરો, પાર્ટ અને એસેસરીઝની મોટાપાયે ચોરી વકરી રહી છે. વાહનોમાંથી ચોરાતા દાગીના (સ્પેર પાર્ટસ)ના બનાવને લઈ આસપાસના પ્રજાજનોએ સત્વરે આ ચેક પોસ્ટ ઉપર સુરક્ષા બંદોબસ્ત ગોઠવવા માંગ ઉઠાવી છે.

# ડીસામાં સુગર ફેકટરીમાં દરોડા

## જી.આઇ ડી.સી. વિસ્તારમાં આવેલ સુગર ફેક્ટરીમાંથી ૭૦૦ કિલો સાકારીયાનો જથ્થો સિઝ





ડીસા

બનાસકાંઠાના વેપારી મથક ડીસાની જી.આઈ. ડી.સી. માં આવેલી સુગર ફેકટરીમાં ભેળસેળ થતી હોવાની ફરિયાદના પગલે ફૂડ વિભાગે દરોડા પાડયા હતા જેમાં શંકાસ્પદ અખાદ્ય સાકરીયાના સેમ્પલ લઈ ૭૦૦ કિલો જથ્થો ફૂડ વિભાગે સિઝ કર્યો હતો.

બનાસકાંઠાના ડીસામાં આવેલી જી.આઇ.ડી.સી.માં સાકરીયા અને હારડા બનાવતી ફેકટરીઓમાં ભેળસેળ થતી હોવાની વારંવાર ફરિયાદો ઉઠવા પામી હતી.જેને પગલે ગઈકાલે પાલનપુર ફૂડ વિભાગની ટીમે જી.આઇ.ડી.સી.માં આવેલી અંબિકા સુગર મિલમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. અધિકારીઓએ તપાસ કરતા સુગર ફેકટરીમાં શંકાસ્પદ અખાદ્ય સાકરીયાનો જથ્થો મળી આવ્યો હતો. જેથી અધિકારીઓએ સાકરીયાના સેમ્પલ લઈ લેબ માં તપાસ અર્થે મોકલી આપ્યા છે. જયારે ૭૦૦ કિલો અખાદ્ય સાકરીયાનો જથ્થો પણ સીઝ કર્યો હોવાનું ફૂડ ઈન્સપેક્ટર એસ.કે. પ્રજાપતિએ જણાવ્યું હતું. ફૂડ વિભાગની કડક કાર્યવાહીથી અન્ય ભેળસેળીયા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### એક જ ફેક્ટરીમાં અવારનવાર દરોડો ??

વેપારી મથક ડીસા બનાવટી અને નકલી ચીજ વસ્તુઓ માટે બદનામ છે તેમાં પણ તેલ -ઘી સહિતની ખાદ્ય ચીજોમાં પણ ભેળસેળ કરતા લેભાગુ તત્વો અચકાતા નથી જન આરોગ્ય જોખમાવતી આવી અખાદ્ય અને નકલી ચીજો ફૂડ અને ડ્રગ્સ વિભાગ અવારનવાર ઝડપી પાડે છે પરંતુ પાછળથી ગોદડી ગોટે વાળી દેવાય છે ત્યારે એક જ સુગર ફેકટરીમાં વારંવાર પડતા દરોડા પણ લોક જુબાને ચર્ચાને ચકડોળે ચડ્યા છે.

# પ્રાંતિજના સીતવાડા-નવાપુરા ખાતે ટ્રક અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત

## એકનું ઘટનાસ્થળે મોત, બે ગંભીર રીતે ઘાયલ થતા સારવાર અર્થે ખસેડાયા






પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સીતવાડા-નવાપુરા પાસે રેતી ભરેલ ટ્રક ચાલકે ફુલફાસ્ટ હંકારી લાવી બાઈકને ટક્કર મારી હડફેટે લઈને એકનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું, તો બેને ગંભીર ઈજાઓ પહોચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાંતિજના સીતવાડા-નવાપુરા ગામ પાસેથી રેતી ભરેલ ટ્રક નંબર-જીજે-૧૮-એયુ-૯૨૨૪નો ચાલક ફુલફાસ્ટ હંકારી લાવી સાઈડમાં જઈ રહેલ બાઈકને અડફેટે લેતા બાઈક ઉપર જતા ત્રણેય બાઈક સાથે નીચે પટકાયા હતા. તેમને શરીરે તથા માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોચતા સુરપાલસિંહ કેસરીસિંહ રાઠોડ ઉ.વર્ષ ૨૫ રહે. સીતવાડા નવાપુરાનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. ગજેન્દ્રસિંહ વિનુસિંહ રાઠોડ ઉંમર વર્ષ-૧૮ તથા ચેતનસિંહ વિનુસિંહને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તેવોને પહેલા પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા છે. ટ્રકચાલક અકસ્માત સર્જીને ટ્રક મુકીને ભાગી ગયો હતો. અકસ્માત ઘટનાસ્થળે દોડી આવેલ સગાસંબંધીઓ તથા ગામજનો દ્વારા ટ્રકના કાચ ફોડ્યા હતા. રેતી ભરીને આવતો અન્ય એક ટ્રકના પણ કાચ વિફરેલા લોકોએ ફોડી નાખ્યા હતા. અકસ્માત બાદ ઘટનાસ્થળે ભારેલા અગ્ની જેવી સ્થિતિ પેદા થઈ હતી. પ્રાંતિજ પીઆઇ એમ.ડી. ચંપાવત પણ પોલીસ ટીમ સાથે દોડી આવ્યા હતા અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકાઈ દેવામાં આવ્યો હતો. મૃતકના પરિવાર દ્વારા લીઝધારકના આવે ત્યાં સુધી મૃતકની લાશ ઉઠાવવાની ના પાડી હતી ત્યારે ગામજનો અને પોલીસ વચ્ચે સમજોતા બાદ મામલો થાળે પડયો હતો અને મૃતકને પ્રાંતિજ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાંતિજના સીતવાડા-નવાપુરા રોડ ઉપર દિવસરાત બેરોકટોક ગેરકાયદેસર રીતે રેતી ભરીને વહન કરતા ટ્રકે આખરે એકનો જીવ લીધો ત્યારે અન્ય બેને ગંભીર ઈજાઓ પહોચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માતનો ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી હતી.

# જુના ડીસા દેના બેંકનું પ્રિન્ટર ૧૫ દિવસથી બંધ રહેતા ગ્રાહકોને હાડમારી




જુનાડીસા, તા. ૨૭

ડીસા તાલુકાના સૌથી મોટા જુનાડીસા ગામે આવેલ એકમાત્ર રાષ્ટ્રીયકૃત દેના બેંકનું પ્રિન્ટર છેલ્લા ૧૫ દિવસથી બંધ છે જેના કારણે ગ્રાહકોની હાડમારીઓ વધી જવા પામી છે.

જુનાડીસા ગામથી દૂર હાઈવે ઉપર કાર્યરત દેના બેન્ક સાથે આજુબાજુના ગામડા પણ સંકળાયેલા છે. દૂધ ડેરીઓના ગ્રાહકોનો પગાર પણ બેંકમાંથી ચૂકવાય છે. પેન્શનરો સહિત મોટાભાગના વેપારીઓ અને લોકો પણ બેન્ક સાથે સંકળાયેલા છે, જેથી બેંકમાં ગ્રાહકોનો રોજીંદો ભારે ઘસારો રહે છે તેમાં પણ મેનેજર સહિત મોટાભાગનો સ્ટાફ હિન્દી ભાષી હોઈ ગ્રાહકોની હાડમારીઓ વધી પડી છે. ગામડાના ગ્રાહકો તો કલાકોના કલાકો સુધી રઝળી પડે છે, અધૂરામાં પુરૂ હાલમાં છેલ્લા ૧૫ દિવસથી બેંકનું પ્રિન્ટર પણ બગડ્યું છે. જેના કારણે પાસબુકમાં નોંધ પડી શકતી નથી. જેથી ગ્રાહકોની હાડમારીઓ વધી પડી છે. નોંધ સિવાયના અન્ય કામો માટે પણ ગ્રાહકો અટવાય છે જેને ગંભીરતાથી લઈ બેંકના ઉચ્ચ અધિકારીઓ સત્વરે ઘટતાં પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

# ફતેપુર ના મૃતક કર્મચારીના પરિવારને રૂપિયા ૨૦ લાખનો ચેક અપાયો

## વડગામ બેંક ઓફ ઇંન્ડિયા સેલેરી પેકેજ સ્કિમનો લાભ આપ્યો

વડગામ,

વડગામથી પાલનપુર જવાના રસ્તા આવેલા ફતેપુર



ગામના પોલીસ કર્મચારીનું તાજેતરમાં માર્ગ અકસ્માતમાં મોત થવા પામ્યુ હતુ. જેમનું વડગામ બેંક ઓફ ઈન્ડિયામાં સેલેરી ખાતુ હોવાથી બેંકે સેલેરી પેકેજ સ્કિમનો લાભ આપી મૃતક કર્મચારીના પરિવારને રૂપિયા ૨૦ લાખનો ચેક આપવામાં આવ્યો હતો.

વડગામ નજીક આવેલા ગામના જગતસિંહ દલપતસિંહ પરમાર ગુજરાત પોલીસમાં ફરજ બજાવતાં હતા. જેઓનું તારીખ ૧૦/૮/૨૦૧૯ના રોજ જલોત્રા ગામ નજીક ફરજથી પરત ફરતાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતુ. તેમનું સેલેરી એકાઉન્ટ બેંક ઓફ ઈન્ડિયા વડગામ બ્રાંચમાં હતુ. જે અન્વયે બેંક ઓફ ઈન્ડિયાની સેલેરી પેકેજની સ્કિમમાં ત્રણ મહિનાથી વધુ પગાર જો બેંકના ખાતામાં જમા થયેલો હોય અને કર્મચારી અકસ્માતમાં મૃત્યુ પામે તો રૂપિયા ૨૦ લાખ મળવા પાત્ર થાય છે. જે અન્વયે વડગામ બ્રાંચના મેનેજર પ્રશાંત ટાંકની બેંકના ગ્રાહક પ્રત્યેની લાગણી અન્વયે આ રકમ ટુંક જ સમયમાં મંજુર કરી સ્વર્ગસ્થના ભાઈ દેવુંસિંહને રૂપિયા ૨૦ લાખનો ચેક આપ્યો હતો. જ્યાં સ્વ. જગતસિંહના નાનાભાઈ જિલ્લા પંચાયતમાં ફરજ બજાવતાં ભીખુસિંહ પરમારે બેંક ઓફ ઈન્ડિયાનો આભાર વ્યકત કરી અન્ય કર્મચારીઓ પણ આ સ્કીમનો લાભ લે તેમ જણાવ્યું હતુ.

# ભિલોડાના કુંડોલ(પાલ) જમીનના ઝગડામાં

# ખેડૂતના એકના એક પુત્રને ૬ લોકોએ માર મારી કુવામાં નાખી હત્યા કરી દેતા ચકચાર



ભિલોડા, તા. ૨૭

જર, જમીન અને જોરૂના ઝગડામાં અનેક રક્ત રંજીત ઘટનાઓ બની છે. અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચિથરેહાલ બની હોય તેમ કાયદાનો જાણે ડર જ ગાયબ હોય તેમ ભિલોડા પંથકમાં હત્યાની ઘટનાઓ સંમયાંતરે બની રહી છે. ભિલોડા તાલુકાના કુંડોલ(પાલ) ગામે એકજ શેઢા પર જમીન હત્યાનું કારણ બની હતી. ૪ શખ્સોએ બે મહિલાઓ સાથે મળી સેઢા પાડોશી યુવકને ઢોર માર મારી બે શખ્સોએ ઝનૂની બની યુવકને કુવામાં નાખી દઈ હત્યા કરી દેતા હત્યાના બનાવથી ભારે ચકચાર મચી હતી. હત્યાના પગલે ભિલોડા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

કુંડોલ(પાલ) ગામે ખેતી કરી જીવનનિર્વાહ ચલાવતા પરિવાર માટે સોમવારની રાત વજઘાત રૂપી સાબિત થઈ હતી. જમીનના સેઢા બાબતે ખેડૂતના એકના એક પુત્રની હત્યા થઈ જતા ઘરનો કુળદીપક ઓલવાઈ જતા ખેડૂતના માથે આભ તૂટી પડ્યું હતું.

કુંડોલ(પાલ) ગામમાં રહેતા રમેશભાઈ ધનજીભાઈ તરાર અને તેમનો ૨૨ વર્ષીય પુત્ર નવીન ખેતી કરી જીવનનિર્વાહ ચલાવતા હતા. તેમની જમીનની બાજુમાં મુકેશ ધીરુભાઈ ડામોરની જમીન આવેલી છે. બંનેની જમીન વચ્ચે આવેલ શેઢાના લીધે બંને પરિવારો માટે વિવાદ ચાલતો હતો. સોમવારે રાત્રે મુકેશ ધીરુભાઈ ડામોર અને તેનો પુત્ર લાકડીઓ સાથે ધસી આવી સેઢા પર તારે આવવું નહિ કહી બેફામ ગાળો બોલવાની સાથે લાકડીઓ વડે તૂટી પડ્યા હતા. આ ઘટના દરમિયાન પ્રિંકલ કિરીટ ડામોર, ટિંકલ કિરીટભાઈ ડામોર, સંગીતાબેન મુકેશભાઈ ડામોર અને આશાબેન કિરીટભાઈ ડામોર પણ લાકડીઓ અને ધારિયા જેવા મારક હથિયાર સાથે દોડી આવી મારવા લગતા પુત્રને બચાવવા રમેશભાઈ વચ્ચે પડતા નવીન જીવ બચાવી ભાગતા માથા પર જાણે ઝનૂન સવાર હોય તેમ નવીનની પાછળ દોડી નજીકમાં આવેલા પાણી ભરેલા કુવામાં નવીનને નાખી દઈ હત્યા કરી પરત ફરી રમેશભાઈને પણ જમીન ખાલી કરી દેવાની અને મારી નાખવાની ધમકી આપી આરોપીઓ ફરાર થઈ જતા પુત્રની હત્યાના પગલે બેબાકળા બનેલા પિતાએ ગામના સરપંચ અને ગ્રામજનોને જાણ કરી હોવા છતાં કોઈ મદદમાં ન આવતા રાત્રિનો સમય ભયમાં પસાર કરી મંગળવારે ભિલોડા પોલીસને જાણ કરતા ભિલોડા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી હતી.

ભિલોડા પોલીસે મૃતક યુવકના પિતા રમેશભાઈ ધનજીભાઈ તરારની ફરિયાદના આધારે મુકેશભાઈ ધીરૂભાઈ ડામોર, પ્રિન્કલ કિરીટભાઈ ડામોર, ટીંકલ કિરીટભાઈ ડામોર, સંગીતાબેન મુકેશભાઈ ડામોર, આશાબેન કિરીટભાઈ ડામોર રહે. તમામ કુંડોલપાલ સુંદરપુર, તા. ભિલોડા વિરુદ્ધ ઈપીકો કલમ-૩૨૩, ૩૦૨, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જીપી એક્ટ કલમ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી ફરાર હત્યારાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# બનાસકાંઠામાં નકલી આયુષ્યમાન કાર્ડ કાઢવાનું કૌભાંડ પકડાયું

થરાદ, તા. ૨૭

થરાદ તાલુકામાં ભારત સરકારની આયુષ્માન યોજનાના બનાવટી કાર્ડનું રેકેટ ઝડપાઇ જતાં ખળભળાટ મચી ગયો છે. હોસ્પિટલમાં આયુષ્યમાન મિત્ર તરીકે કામ કરતો યુવક અને તેનો સાથી છેલ્લા કેટલાય મહિનાથી ઓનલાઈન બોગસ કાર્ડ બનાવતા હતા. જેની જાણ આરોગ્યતંત્રને થતાં હોસ્પિટલમાં પુછપરછ કરી હતી. જેમાં આસ્થા હોસ્પિટલના ડોક્ટરે આયુષ્માન મિત્ર અને તેના સાથીની પુછપરછ કરતા ૬૦થી વધુ બોગસ કાર્ડ બનાવ્યાનો ઘટસ્ફોટ થયો હતો. ઘટનાને પગલે ડોકટરે બંને યુવક વિરૂધ્ધ આગથળા પોલીસ મથકે ફરીયાદ દાખલ કરાવી છે.

બનાસકાંઠા જીલ્લાના થરાદ શહેરમાં આવેલી આસ્થા હોસ્પિટલમાંથી આયુષ્માન યોજનાના બનાવટી કાર્ડ બનાવવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. હોસ્પિટલમાં કામ કરતો આયુષ્માન મિત્ર નરેન્દ્ર નાગજીભાઈ ચૌધરી (રહે.રાહ, તા. થરાદ) અને તેનો સાથી મિત્ર ભરત સેનજીભાઈ ઠાકોર (રહે. કુભાસણ, તા.પાલનપુર) ભેગા મળીને છેલ્લા કેટલાક સમયથી બનાવટી કાર્ડ બનાવતા હતા. જેમાં આસ્થા હોસ્પિટલના આયુષ્માન મિત્રના મોબાઈલ નંબરના આધારે આયુષ્માન ભારતની વેબસાઈટ ઉપર ઓટીપી નંબર જનરેટ કરી તેના આધારે બીઆએસ આઈડી ઉપરથી અત્યાર સુધી ૬૦થી વધુ ડમી કાર્ડ બનાવ્યા હતા.

સમગ્ર મામલે કેટલાક મહિના અગાઉ થરાદ તાલુકા આરોગ્ય અધિકારી ડો. હરેશભાઈ જયપાલ દ્વારા કૌભાંડ પકડવાના ભાગરૂપે હોસ્પિટલને જાણ કરી હતી. જેથી આસ્થા હોસ્પિટલના ડોકટર હિરજી પટેલે ભરત અને નરેન્દ્રની પુછપરછ કરતા બોગસ કાર્ડ બનાવ્યા હોવાનુ સ્વિકાર્યુ હતુ. આથી ડોકટરે બંને યુવક વિરૂધ્ધ આગથળા પોલીસ મથકે ફરીયાદ આપી બોગસ કાર્ડ લાખણી અથવા અન્ય કોઈ જગ્યાએ ખોટા ડોક્યુમેન્ટ આધારે આયુષ્માન યોજનાના કાર્ડ તા. ૨૫-૧-૧૯થી તા. ૫-૧૧-૧૯ના સમયગાળા દરમ્યાન બનાવેલ હોવાનુ જણાવ્યુ છે. ઘટનાને પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જેમાં ડમી કાર્ડ મેળવનારાના નામ પણ ખુલવાની શકયતા પોલીસે વ્યક્ત કરી હતી. જેને લઈ થરાદ-લાખણી સહિત જિલ્લાભરમાં ખળભળાટ મચી ગયો છે.

# મોડાસામાં એનસીસી દિવસની ઉજવણીમાં રેડક્રોસ સોસાયટીના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



મોડાસા, તા. ૨૭

ધી મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજમાં એન.સી.સી. દિવસની ઉજવણી નિમિત્તે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. જેમાં પ્રિન્સિપલ ડીસ્ટ્રીકટ જજ રીઝવાના અલ્તાફભાઈ બુખારી તેમના પતિ અલ્તાફભાઈ ગોધારી બ્લડ ડોનેશન જાગૃતિ વધે તે માટે રક્તદાન કર્યું હતું. આ રક્તદાન શિબિરમાં ગોવિંદ નટવરભાઈ પટેલ (રાજય, મેનેજીંગ સદસ્ય) અરવલ્લી જિલ્લા રેડક્રોસ સોસાયટીના ચેરમેન ભરત પરમાર ઉપસ્થીત રહ્યા હતા. બ્લડ ડોનેશસન કેમ્પમાં આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજના આચાર્યો, શૈક્ષણિક સ્ટાફ અને એનસીસીના કેડેટ સદસ્યો અને વિદ્યાર્થીઓએ રક્તદાન કર્યું હતું.

# વડગામમાં તાલુકા ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો : ૧૭ અરજદારોએ દ્વારા પ્રશ્નોની રજૂઆત

વડગામ, તા. ૨૭

વડગામ તાલુકા મથકે આવેલ મામલતદાર કચેરી ખાતે વડગામ મામલતદાર આર.સી. ઠાકોરના અધ્યક્ષસ્થાને તાલુકા ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં તાલુકા ૧૭ જેટલા અરજદારો દ્વારા પ્રશ્નોની રજુઆત કરવામાં આવી હતી. જેમા મોટા ભાગે તાલુકા ગ્રામ્ય વિસ્તારોમાં સીમતળ અને ગામતળમાં થયેલા દબાણો દૂર કરવા અરજદારોની માંગ હતી તેમજ વડગામના એક ગામમાં થયેલા પી.એમ.વાય. યોજનાની સહાયમાં તપાસ કરવા તથા કબીરપુરા ગામમાં બસસ્ટેન્ડ નજીક રહેણાંક વિસ્તારમાં ધમધમતી શો મીલની તપાસ માટેની રજુઆત કરાઈ હતી. જેમાં તમામ પ્રશ્નોનુ નિરાકરણ લાવવાની વહીવટીતંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરી હતી. તાલુકાના ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં વડગામ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી એ.એચ. પરમાર, વડગામ પી.એસ.આઇ. તેમજ તાલુકા વહીવટીતંત્રના જવાબદાર કર્મચારીઓની હાજર રહ્યા હતા.

# ધી તલોદ ગ્રાહક ભંડારમાં ચેરમેન તરીકે નિમાયા

તલોદ, તા. ૨૭

ધી તલોદ સહકારી ગ્રાહક ભંડારમાં તાજેતરમાં કારોબારીની મીટીંગ મળી હતી. જેમાં ચેરમેન તરીકેનો ચાર્જ સંભાળતા સુનિલભાઈ



એન. પટેલને બહાર વિદેશ ખાતે જવાનુ હોઈ ચેરમેનપદેથી રાજીનામુ મુકતા નવા ચેરમેન તરીકે માનંદમંત્રીની સેવા આપતા પ્રવિણભાઈ એચ. રાવળને ચેરમેન તરીકેની વરણી કરવામાં આવી હતી.

# લાખણીના જસરાના યુવાનનું ડેન્ગ્યુથી મોત થતા અરેરાટી

ડીસા, તા.૨૭

લાખણી સહિત જિલ્લામાં મિશ્ર ઋતુના કારણે વાયરલજન્ય બીમારીઓનો ઉપદ્રવ શિયાળાના આરંભે પણ અકબંધ રહેવા પામ્યો છે. ત્યારે જસરા ગામના આશાસ્પદ યુવાન નરશીભાઈ બેચરાજી દેસાઈ (ઉ.વ.૨૩)ને તાવ આવતા ગામ અને લાખણીમાં સારવાર કરાવી હતી. તેમ છતાં તબિયતમાં સુધારો ન થતા ડોકટરોની સલાહ મુજબ પરિવારજનો તેને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ ગયા હતા જ્યાં તેને ડેન્ગ્યુ હોવાનું જણાયું હતું. તેથી ડોકટરોએ તેની તાબડતોબ સારવાર શરૂ કરી હતી. પરંતુ ડેન્ગ્યુ જીવલેણ નિવડતા ચાર દિવસની સારવાર દરમિયાન તેનું મોત નીપજયું હતું. જેને લઈ ગામમાં શોકની લાગણી સાથે



અરેરાટી છવાઈ હતી. યુવકના અકાળે મોતને લઈ ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. ત્યારે આરોગ્ય તંત્ર સત્વરે રોગ અટકાયતી પગલા ભરે તેવો જનમત પ્રવર્તે છે.